ગાંધીનગરના નગરજનો દ્વારા નરેન્દ્રભાઈના ૬૩મા જન્મદિનની ઉમળકાભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

રાજયના પાટનગર ગાંધીનગરના નગરજનો દ્વારા આજરોજ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૬૩મા જન્મદિન નિમિત્તે તેમના દીર્ઘાયુ માટે શતમ જીવં શરદ કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ -સંગે અમદાવાદના જગન્નાથ મંદિરના પૂ. મહંત શ્રી દિલીપદાસજી મહારાજ સહિત વિવિધ સં-દાયના સાધુ, સંતો અને મહંતોએ ઉપસ્થિત રહીને મુખ્ય મંત્રીશ્રીના દીર્ઘઆયુષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.ભાગવત ગીતા, સોલાના ઋષિઓ દ્વારા ભાગવતગાન કરવામાં આવ્યું હતું.આ -સંગે રકતદાન શિબીરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મ દિન નિમિત્તે આશીર્વચન આપતાં જગન્નાથ મંદિર,અમદાવાદના પૂજય મહંત શ્રી દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે, કોઇ પણ વ્યકિતને આશીર્વાદ ત્યારે જ મળે છે કે તે સમાજમાં કાંઇ સારું કામ કરે છે. આજે રાજયના મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિ ન હોવા છતાં નગરના સૌ કોઇ તેમને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવવા સ્વયંમૂભૂ આવ્યા છે. માણસના જીવનમાં શાંતિ ખૂબ જ જરૂરી છે.છેલ્લા એક દાયકાથી ગુજરાતમાં શાંતિના માહોલ છે. તેમણે બેરોજગારોને રોજગારી આપી છે. તેમજ અનેક દિનદુંખીયાને વિવિધ કલ્યાણ કારી યોજનાઓનો લાભ આપી દુંખ દુર કર્યા છે. આજે આપણે સૌ એવી -ર્થના કરીએ કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગુજરાત જ નહિં પણ સમગ્ર દેશનું કલ્પવૃક્ષ બની છાયો પુરો પાડે.

કપિલેશ્વર મહાદેવ મંદિરના મહંત શ્રી પૂર્ણાનંદ મહારાજે જણાવ્યું હતું કે, આજે સમગ્ર ભારત દેશના યુવાનોમાં રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી મિશાલ રૂપ બન્યા છે. ગુજરાત ભયમુકત તો હતું જ પણ હવે, વ્યસનમુકત પણ બન્યું છે.તેઓ હર્મેશા જનસુખાકારી અને રાજયનો વિકાસ કરવાના કાર્યમાં પરોવાયેલા રહે છે.એટલે તે નથી બોલતા પણ તેમના કાર્ય બોલી રહ્યા છે. તેમની નિંદા કે પગ ખેંચવાના -યત્ન કરે છે, તેવા લોકો તેમને -ત્યક્ષ નહી પણ પરોક્ષ રીતે સાથ-સહકાર આપે છે.

બ્રહ્માકુમારીના શ્રી કૈલાસદીદીએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી રાજયના વિકાસ સાથે સાથે અનેક કલ્યાણકારી કામો કરી રહ્યાં છે.તેઓ સમગ્ર ગુજરાતને જ પોતાનો પરિવાર માને છે. તેથી જ તેઓ પરિવારના વિકાસ માટે સતત -યત્નશીલ રહે છે.

ગાયત્રી પરિવારના શ્રી બાબુભાઇ પંચાલે જણાવ્યું હતું કે, હવે, રાજા રહયા નથી પરંતુ રાજયના મુખ્ય મંત્રીશ્રી જ જેતે રાજયના રાજા જેવા જ છે. આથી મખ્યમંત્રીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે અને રાજયના વિકાસ કાર્ય કરવાની શકિત ભગવાન તેમને આપે તેવી -ર્થના આપણે સૌએ કરવી જોઇએ.

એક ઉમદા દષ્ટાંત આપીને કલોલના સ્વામિનારાયણ મંદિરના ેમ સ્વરૂપ મહારાજે જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સમાજને તારવાનું કામ કરી રહયાં છે. તેમજ ધૂપ સળીની જેમ તેઓ પોતાનું જીવન જીવી રહયાં છે.

દ્યોબેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રીએ જણાવ્યું હતું કે, જે વ્યકિત પૂર્ણ હોય છે, તે વ્યકિત જ સમાજને પૂર્ણતા આપી શકે છે. વ્યકિતની પૂજા થતી નથી, તેના કાર્યની પૂજા થાય છે. ગાંધીનગરની સામાજીક અને સ્વૈચ્છીક સંસ્થાના અગ્રણીઓ જેમાં શંભૂજી ઠાકોર, ધારાસભ્યશ્રી ગાંધીનગર, કલ્યાણસિંહ ચૌહાણ, ધારાસભ્ય દહેગામ, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, પૂર્વ મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, કોદરભાઈ પટેલ - જિલ્લાસંઘ પ્રમુખ,રમેશભાઈ પટેલ, પટેલ, ઉમીયા માતાજી સંસ્થાનના મહામંત્રી ભોળાભાઈ પટેલ, જશુભાઈ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા, જૈન સમાજના અગ્રણી કેપીટીએલના શ્રી કમલકિશોર જૈન, સાહિત્ય પરીષદના પ્રમુખ દૌલતભાઈ ભટ્ટ, વિશ્વકર્મા સેવા સમાજના છનાભાઈ પંચાલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ, શકુંતલાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ પી.પી. બિહોલા, રોટરી કલબના આસી. ડીસ્ટ્રીકટ ગર્વનર મહેન્દ્રભાઈ ભાવસાર, દશકોસી સમાજના પ્રમુખ

એ.પી.એમ.સી. - રાંધેજાના પ્રમુખ રસીકભાઈ પટેલ, વિપક્ષ નેતા-મનપા-મનુભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ નિતિનભાઈ પટેલ, ભાજપ પ્રમુખ રૂચીરભાઈ ભટ્ટ, મ.ન.પા. - ભાજપના તમામ કોર્પોરેટરશ્રીઓ, સમસ્ત પાટીદાર સમાજના પ્રમુક કુંવરજીભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા પાટીદાર સમાજના શંકરભાઈ બૈજુભાઈ અમીન, બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખના અધ્યક્ષ અશ્વીનભાઈ ત્રિવેદી, રાજપૂત સમાજ લગ્ન સમિતિના પ્રમુખ રતનસિંહ વાઘેલા, રાજપૂત સમાજ યુવા વિકાસ પરિષદના પ્રમુખ રણવિરસિંહ તથા જયપાલસિંહ, દરજી સમાજના અંબાલાલ દરજી અને કનુભાઈ દરજી, ચૌધરી સમાજના પ્રમુખશ્રી મણીભાઈ ચૌધરી, લાયન્સ ક્લબ, ગાંધીનગરના અનીલભાઈ જયસિંઘાણી, ૪૮ ગામ કડવા પાટીદાર સમાજના નટુભાઈ પટેલ, ગાંધીનગર પેન્શનર સમાજના પ્રમુખ આર.ડી. મલીક, પ્રજાપતિ સમાજના જી.કે. પ્રજાપતિ, કલોલ ન.પા. પ્રમુખ પ્રહલાદભાઈ મુખી, મહારાષ્ટ્ર સેવા સમાજના ઉ.પ્ર. સંજયભાઈ બારોટ, કલોલના પૂર્વ ધારાસભ્યશ્રી ડૉ. અતુલ પેટલ, જીઆઈડીસી એસ્ટેટ એસો.ના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, નાયી સમાજના શ્રી એ.કે. નાયી, રાજપૂત સમાજના કલ્યાણસિંહ ચંપાવત તેમજ ગાંધીનગરના શ્રેષ્ઠીઓ, યુવાનો અને ભાજપના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિરેન ભટ્ટે કર્યું હતું અને આભારવિધિ પી.પી. બિહોલા-રાજપત સમાજે કરી હતી. શ્રી સાંકાભાઈ પટેલે નગરજનોનુ સ્વાગત પ્રવચનથી કર્યું હતું.

જિલ્લાની ૩૩ શાળાઓમાં ૮૪ વર્ગોને મંજુરી આપવામાં આવી

૧૨૮ શિક્ષકોને ફરજ સોંપવામાં આવશે : ધો. ૯ થી ૧૨ના વર્ગોમાં ફાજલ શિક્ષકોને સમાવી લેવાશે

ગાંધીનગર, તા. ૧૭

શિક્ષણતંત્ર દ્વારા જિલ્લાની ૩૩ શાળાઓમાં ધો. ૯ થી ૧૨ના ૮૪ વર્ગોને મંજુરી આપવામાં આવી છે જ્યારે નવા શરૂ થનારા આ વર્ગો માટે ૧૨૮ શિક્ષકોને ફરજ સોંપવામાં આવશે.

જિલ્લાની વિવિધ શાળાઓમાં નવા વર્ગોને મંજુરી આપવામાં આવી છે. જો, કે મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં નવા વર્ગો શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે. નવા વર્ગોને મંજુરી અપાતા ફાજલ શિક્ષકોને પણ સમાવી લેવાશે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લાની વિવિધ ૩૩ શાળાઓમાં વર્ગને મંજુરી આપવામાં આવી છે. જેમાં ધો. ૯ ની ૯ શાળાઓમાં ૨૩ વર્ગ, ધો. ૧૦માં ૨૦ શાળાઓને ૫૭ નવા વર્ગ ખોલવાની મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત ધો. ૧૧માં પણ ૩ શાળાઓમાં નવા ત્રણ વર્ગ શરૂ કરાશે. જ્યારે ધો.૧૨ ની એક શાળામાં પણ નવા વર્ગની શરૂઆત કરાશે. શિક્ષણ તંત્ર દ્વારા જિલ્લાની ૩૩ શાળાઓમાં જુદા જુદા ધોરણના કુલ ૮૪ વર્ગો નવા શરૂ કરવા મંજુરી આપી દેવાતા જિલ્લાની શાળાઓમાં ૧૨૮ શિક્ષકોને નવા વર્ગો સંદર્ભે ફરજ સોંપવામાં આવશે. ચારેય તાલુકાની શાળાઓમાં નવીન વર્ગોમાં મોટાભાગે ફાજલ શિક્ષકોને સમાવી લેવાશે.

સાર્વજનિક ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે : ૧૯મીએ શોભાયાત્રા

સે. ૨૨ રંગમંચ ખાતે વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે : ૨૧મીએ જુની રંગભૂમિના મશહુર ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિએ આ વર્ષે જૂની રંગભૂમિના મશહુર ગીતો અંગેનો એક અનોખા કાર્યક્રમનું આયોજન કર્યુ છે તેમ સમિતિના પ્રમુખ શ્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું.

આજે ગાંધીનગર ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વ્યાસે જણાવ્યું હતું કે ૪૨ વર્ષથી ગાંધીનગરમાં ગણેશ મહોત્સવનું આયોજન સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગણેશ મહોત્સવ એ લોકોત્સવ બની ગયો છે કારણ કે સાર્વ. ગણેશોત્સવ સમિતિ દ્વારા ભગવાનશ્રીજીની જ્યારે શોભાયાત્રા નગરના રાજમાર્ગ પર નીકળે ત્યારે વિવિધ સામાજિક સંગઠ્ઠનો અને નગરના અબાલવૃદ્ધ સૌ તેનું અભિવાદન કરે છે. આ શોભાયાત્રામાં સમાજના તમામ વર્ગના આગેવાનો હોંશભેર જોડાઈને અનેરી ભક્તિથી સામાજિક સમરસતાની અભિવ્યક્તી કરતા હોય છે.

શ્રી વ્યાસે જણાવ્યું હતું કે આ વર્ષે પણ રાજયના રાજયપાલ ડૉ. કમલાજી ૧૯મીએ મંગલદીપ પ્રગટાવી ઉજવણીનો પ્રારંભ કરાવશે.

નિશીત વ્યાસે જણાવ્યું હતું કે સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આ વખતે પણ હલ્દી કંકુ ઉપરાંત મહિલાઓ માટે ભજન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે સે. ૨૭માંથી શ્રી સુખલાલ ડી. ભોયેના નિવાસસ્થાન ૪૦૬ ગાયત્રીનગર સોસાયટી ખાતેથી નીકળશે. આ શોભાયાત્રામાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલ સહિતના આગેવાનો જોડાશે.

શ્રી વ્યાસે કહ્યુ હતુ કે ૨૧મી તારીખે જૂની રંગભૂમિના મશહુર ગીતોનો એક અભિનવ પ્રયોગ અર્ચન ત્રિવેદીના ગ્રુપ દ્વારા રજુ થશે. આ ઉપરાંત ૨૪મી સપ્ટેમ્બરના રોજ 'પ્રેમરસ બરશે બ્રીજમે' નામક નાટક રજુ થશે જેમાં ખ્યાતનામ કલાકારો જયશ્રીબેન પરીખ, પિન્કીબેન પરીખ સહિતના કલાકારો કલાનો કસબ પાથરશે.

તેમણે જણાવ્યુ હતુ કે સંપૂર્ણ માટીમાંથી શ્રીજીની મૂર્તિ તૈયાર કરવામાં આવી છે જે સવા ત્રણ ફૂટની ઊંચાઈ ધરાવે છે અને ૫૦ કિલોથી પણ વધુ વજન ધરાવે છે. તેમણે જણાવ્યુ હતું કે આ મહોત્સવમાં ગાંધીનગરના કલાકારો પણ કલા રજુ કરતા હોય છે.

આ પત્રકાર પરિષદમાં મહારાષ્ટ્રીયન સમાજના શ્રી મોહિત્તે, શ્રી બાલપાંડે, શ્રીમતિ લત્તાબેન ચોકસી, સુશ્રી ચેતના બુચ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ચ-૦ સર્કલ પાસે કારની અડફેટે બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ચ-૦ સર્કલ પાસેથી ગઈ કાલે મોડી સાંજે બાઈક લઈને ડબલ સવારી જઈ રહેલા અમદાવાદ જમાલપુર વિસ્તારના યુવાનના બાઈકને કોઈ અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા બાઈક ચાલક યુવાનનુંબનાવ સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેતો યુવાન દિવ્યાંગ દિવાકર ઠાકર ગઈ કાલે મોડી સાંજે પોતાના મિત્ર સાથે બાઈક લઈને ગાંધીનગર પાસેથી પસાર થઈ રહ્યોહતો તે દરમિયાન ચ-૦ સર્કલ પાસે એક અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટે લઈલેતા બાઈક ચાલક યુવક બાઈક સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાયોહતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દિવ્યાંગનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માત બાદ આરોપી કાર ચાલક કાર લઈને ફરાર થઈ ગયોહતો. સે-૭ પોલીસને આ ઘટના સંદર્ભે જાણ થતા પી.એસ.આઈ. ગડરીયા સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી પાર્થ મયુરભાઈ વાઘેલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ફરાર કાર ચાલકની શોધખોળ આરંભી છે.

શિવરંજનીના પ્રમુખ વાગ્મિન બુચના માતુશ્રી જ્યોત્સનાબેનનું અવસાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા શિવરંજનીના પ્રમુખશ્રી વાગ્મિનભાઈ બુચના માતુશ્રી શ્રીમતિ જ્યોત્સનાબેન બુચનું આજે જૈફવયે અવસાન થયું છે.

શ્રીમતિ જ્યોત્સનાબેન બુચ એક સારા લેખિકા તરીકે પણ જાણીતા હતા. તેઓએ ત્રણ પુસ્તકો લખ્યા હતા. આજે સ્વર્ગસ્થની અંતિમયાત્રા તેમના અમદાવાદ ખાતેના નિવાસસ્થાનેથી નીકળી હતી જાણીતા સાહિત્યકારો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

મંજુરી વિના રેલી નીકાળતા આંગણવાડી કાર્યકરોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૭

પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આજે ઘ-૩ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલી આંગણવાડી અને આશાવર્કરોની બહેનોએ મંજૂરી વગર રેલી યોજવાનો પ્રયાસ કર્યો હતો. આ તબક્કે પોલીસ દ્વારા ૩૦૦થી વધુ બહેનોની અટકાયત કરવામાં આવી હતી. ભારતીય મઝદૂર સંઘના આગેવાનોએ કર્મચારીઓને સ્પર્શતા પ્રશ્નો સંદર્ભે કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

આંગણવાડી તેમજ આશાવર્કરોના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આજે ૩ થી ૪ હજાર વર્કર બહેનો દ્વારા સત્યાગ્રહ છાવણીમાં પડાવ નાંખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલા કાર્યકરો દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે આ તબક્કે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલા કાર્યકરો દ્વારા ઘ-૩ ખાતેથી રેલી નીકાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ રેલીના મામલે તંત્ર દ્વારા મંજુરી ન આપવામાં આવી હોવાથી પોલીસે ૩૦૦થી વધુ મહિલા વર્કરોની અટકાયત કરી હતી. ભારતીય મઝદૂર સંઘના મહામંત્રી રાકેશ નિમાવત સહિતના આગેવાનોએ કર્મચારીઓના વિવિધ ૧૪ પડતર પ્રશ્નો સંદર્ભે કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જેમાં લઘુત્તમ વેતન ૧૧ હજાર કરવા, આંગણવાડી કાર્યકર, હેલ્પરોને સરકારી કર્મચારી જાહેર કરવા, કોન્ટ્રાકટવાળા સફાઈ કર્મચારીને સરકારી કર્મચારી જાહેર કરી કાયમી કરવા આંગણવાડી સુપરવાઈઝર નોમીનેશનને ત્રણ વર્ષસમાન ક્રમ સમાન વેતન મુજબ પગાર ધોરણ આપવાની પણ માંગ કરવામાં આવી છે.

વાવોલના નારણનગરમાં મકાનનું તાળુ તોડીને ૧.૨૪ લાખની ઘરફોડ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી તેણીના સરકર્મીના દિકરાના બેસણામાં જઈને પોતાના ઘરે પરત ફર્યા તે અરસામાં તસ્કરો તેમના વાવોલ પાસેના નારણનગરના મકાનનું તાળુ તોડીને ઘરફોડ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તસ્કરો મકાનમાંથી ૧.૨૨ લાખની કિંમતના સોનાચાંદીના દાગીના તથા રૂ. ૨ હજાર રોકડા મળીને કુલ રૂ. ૧.૨૪ લાખની મત્તાની ઘરફોડ કરી ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી પી.આઈ. પી.ટી. બોદરે વધુ તપાસ શરૂ કરી છે.

વિશ્વકર્મા પૂજા : ગાંધીનગરના જાણીતા ઉદ્યોગ ગૃહ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન કંપની ખાતે વિશ્વકર્મા જયંતિ નિમિત્તે વિશ્વકર્મા પૂજા યોજાઈ હતી. કંપનીના તમામ સ્ટાફ અને કામદારોએ પૂજામાં ભાગ લીધો હતો. વિવિધ ઈનામો પણ કર્મચારીઓને એનાયત કરાયા હતા. આ પ્રસંગે કંપનીના અધિકારીઓએ કર્મચારીઓને પ્રોત્સાહિત કરતાં ઉદ્‌બોધનો અને કંપનીના આગામી લક્ષ્યાંકો સંદર્ભે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : દિપક જાની)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હૈ તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હૈ તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

સૂર્યા, વાવોલ

એક થા સોલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સેક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હૈ તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦
બર્ફી : ૫.૦૦

વિરાગ, કલોલ

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : . કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : આજે નવા સંબંધો બંધાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની કાળજી લેવી

કર્ક : અન્ય વ્યક્તિઓ પર વિશ્વાસ મુકતાં પહેલાં વિચાર કરવો. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : આવક- જાવકમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : આજે માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. ધાર્મિક યાત્રાઓનો યોગ પ્રબળ બની રહ્યો છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપાર- વ્યવસાયમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. પરંતુ તમે તેને દુર કરી દૃઢમનોબળ સાથે તમે આગળ વધશો.

મકર : નોકરીમાં ઉચ્ચ અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રમાં તમારી ખ્યાતિમાં વધારો થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહેશે.

કુંભ : આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મીન : સામાજિકક્ષેત્રમાં સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ બની રહ્યા છે. વાહન સુખનો ઉત્તમ યોગ છે. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. જીજ્ઞેશકુમાર જીવરાજભાઈ દેસાઈ (ઉ.વ. ૨૦) મુ.પો. બાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હિરાલાલ રણછોડલાલ પ્રજાપતિ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૭૪/૧, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન પાશ્વકુમાર જૈન (ઉ.વ. ૭૮) એચ-૭૨,એચઆઈજી ટેનામેન્ટ, સેકટર- ૩૦, ગાંધીનગર.